# 45

**બનાસકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો**

***15/4/887 શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર**(પાલનપુર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) કુલ– ૧૨ |
| (૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૨ ફરિયાદોમાં ૦૪ શ્રમયોગીઓને રૂ.૧,૮૭,૭૫૧/–નું સમજાવટથી ચુકવણું કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ૦૧ શ્રમયોગીને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ પુન: સ્થાપનની અરજી દાખલ કરવાની સલાહ આપી ફરિયાદનો નિકાલ કરેલ છે.<br>• ૦૩ ફરિયાદોમાં અરજદારશ્રીને તેઓની જુદી જુદી માંગણીઓ અન્વયે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ડીમાન્ડ અરજી દાખલ કરવાની સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૬ ફરિયાદોમાં સંસ્થા દ્વારા જુદા જુદા શ્રમ કાયદાઓનું પાલન કરવામાં આવેલ છે. |

--------------------------